## ગુજરાતના નવા લોકાયુક્ત જસ્ટીસ બિરેન વૈષ્ણવ

ગાંધીનગર: ગુજરાત રાજ્યને નવા લોકાયુક્ત મળ્યા છે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે આયોજિત સમારોહમાં જસ્ટીસ (નિવૃત્ત) બિરેન વૈષ્ણવને ગુજરાત રાજ્યના લોકાયુક્ત તરીકે શપથ લેવડાવ્યા હતા. આ શપથવિધિ સમારોહમાં સીએમ ભૂપેન્દ્ર પટેલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરી તથા ઉપ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સહિત મંત્રીમંડળના સભ્યો, વરિષ્ઠ અધિકારીઓ અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યના વહીવટી અને જાહેર જીવનમાં પારદર્શિતા તથા જવાબદારી સુનિશ્ચિત કરવામાં લોકાયુક્તની ભૂમિકા મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. સમારોહ બાદ રાજ્યપાલ, મુખ્યમંત્રી તેમજ ઉપસ્થિત મહાનુભાવોએ નવનિયુક્ત લોકાયુક્તને શુભેચ્છાઓ પાઠવી હતી. રાજ્યમાં સારા શાસન અને ભ્રષ્ટાચાર વિરોધી વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં તેમની નિમણૂક મહત્ત્વપૂર્ણ સાબિત થશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી હતી.

**પોલીસ કામગીરીને વધુ કાયદાકીય, સંવેદનશીલ બનાવવા DGP ડો. કે.એલ.એન. રાવનું કડક ફરમાન**

# આરોપીઓના 'સરઘસ' પર રોક

**આરોપીઓને** જાહેરમાં પરેડ કરાવવાના કારણે પોલીસ વિભાગની છબી ખરડાઈ હોવાનો પણ પરિપત્રમાં ઉલ્લેખ

**હાઈકોર્ટ** અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદા, D.K. Basu કેસના નિર્દેશોના આધારે નિર્ણય લેવાયો

ગાંધીનગર: ગુજરાત પોલીસ દ્વારા આરોપીઓના માનવ અધિકારોના રક્ષણ અને પોલીસ કામગીરીને વધુ કાયદાકીય તથા સંવેદનશીલ બનાવવા માટે મહત્ત્વ પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે. રાજ્યના પોલીસ મહાનિદેશક ડો. કે. એલ. એન. રાવસ દ્વારા બહાર પાડવામાં આવેલી નવી માર્ગદર્શિકા મુજબ હવે આરોપીઓને જાહેરમાં સરઘસ કાઢવા, દોરડાથી બાંધવા અથવા તેમની સાથે અમાનવીય વર્તન કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. ડી.રાવ દ્વારા ચાર પાનાનો સ્પષ્ટ પરિપત્ર રાજ્યના તમામ રેન્જ આઈજી, જિલ્લા પોલીસ વડા તથા પોલીસ કમિશનરોને ઈ-મેઈલ દ્વારા મોકલી દેવાયો છે. આ પરિપત્રના પગલે હવે રાજ્યભરમાં પોલીસ આરોપીઓની ટાંટિયાતોડ સર્વિસ કરી શકશે નહીં.

પરિપત્રમાં સ્પષ્ટ જણાવાયું છે કે ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટના વિવિધ ચુકાદાઓ, ખાસ કરીને D. K. Basu vs State of West Bengal કેસમાં આપવામાં આવેલા નિર્દેશોને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. અગાઉ કેટલાક બનાવોમાં આરોપીઓને જાહેરમાં પરેડ કરાવવાના કારણે પોલીસ વિભાગની છબી ખરડાઈ હોવાનું પણ પરિપત્રમાં ઉલ્લેખાયું છે.

### BNSS-2023 હેઠળ કડક સૂચનાઓ

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)-2023ની જોગવાઈઓ મુજબ પોલીસ અધિકારીઓને અનેક મહત્ત્વપૂર્ણ સૂચનાઓ આપવામાં આવી છે. નવી માર્ગદર્શિકા અનુસાર આતંકવાદ, ડ્રગ્સ, હત્યા, બળાત્કાર અને એસિડ એટેક જેવા ગંભીર ગુનાઓમાં જ આરોપીને હાથકડી પહેરાવી શકાશે. અન્ય કિસ્સાઓમાં હાથકડીનો ઉપયોગ કરવા માટે મેજિસ્ટ્રેટની મંજૂરી ફરજિયાત રહેશે. આ ઉપરાંત આરોપીઓ પાસે જાહેરમાં ઉઠક-બેઠક કરાવવી, ઘૂંટણિયે ચલાવવું, મારકૂટ કરવી અથવા માફી મંગાવવી જેવી પ્રવૃત્તિઓને સંપૂર્ણપણે પ્રતિબંધિત કરવામાં આવી છે.

### ધરપકડ સમયે પોલીસ માટે પણ ફરજિયાત નિયમો

નવી માર્ગદર્શિકા મુજબ ધરપકડ કરતી વખતે પોલીસ અધિકારીએ પોતાનું નામ અને હોદ્દો જણાવવો ફરજિયાત રહેશે. સાથે જ આરોપીને તેના પરિવારજનો અથવા મિત્રોને જાણ કરવાનો તેમજ પૂછપરછ દરમિયાન પોતાની પસંદગીના વકીલને મળવાનો અધિકાર પણ આપવામાં આવ્યો છે.

### નિયમોનો ભંગ કરનાર અધિકારીઓ સામે થશે કાર્યવાહી

ડીજીપીના પરિપત્રમાં ચેતવણી આપવામાં આવી છે કે જો કોઈ પોલીસ અધિકારી અથવા કર્મચારી આરોપીના માનવ અધિકારોનું ઉલ્લંઘન કરતા જણાશે તો તેમના સામે કડક શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે. આ માટે સંબંધિત ડીવાયએસપી, એસપી અથવા પોલીસ કમિશનર કક્ષાના અધિકારીઓની સીધી જવાબદારી નક્કી કરવામાં આવી છે. ગુજરાત પોલીસના જણાવ્યા મુજબ આ માર્ગદર્શિકાનો મુખ્ય હેતુ આરોપીના આત્મસન્માનનું રક્ષણ કરવો અને પોલીસ તપાસને સંપૂર્ણપણે કાયદાકીય મર્યાદામાં રાખવાનો છે.

# MMTH: બ્લોકમાં વધારો થતાં અનેક ટ્રેન ઉધના સ્ટેશને ટર્મિનેટ

**સુરત** સ્ટેશન પર થ્રુ-રૂફ લોન્ચિંગનું કામ સમય મર્યાદામાં પૂર્ણ ન થતાં રેલવે તંત્ર દ્વારા મહત્ત્વનો નિર્ણય, મુસાફરોની હાલાકીમાં વધારો

સુરતઃ સુરત રેલવે સ્ટેશનના આધુનિકીકરણ અને રીડેવલપમેન્ટની કામગીરી હાલ યુદ્ધના ધોરણે ચાલી રહી છે. આ કામગીરીના ભાગરૂપે પ્લેટફોર્મ નંબર 02/03 અને 04 પર 'થ્રુ-રૂફ' (છત) લોન્ચિંગની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. અગાઉ આ કામગીરી માટે 28 દિવસનો ટ્રાફિક બ્લોક (TWO) મંજૂર કરવામાં આવ્યો હતો, જે બાદમાં વધારીને 15 મે 2026 સુધી કરવામાં આવ્યો હતો. જોકે, કામગીરી હજુ પણ અધૂરી હોવાથી હવે આ બ્લોકની સમય મર્યાદા ફરી લંબાવીને 30 મે, 2026 સુધી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ફેરફારને કારણે સુરતથી ઉપડતી અને આવતી અનેક ટ્રેનોના શિડ્યુલ પર સીધી અસર પડશે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, SITCO (સુરત ઇન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન) દ્વારા પ્લેટફોર્મ પર છત નાંખવાની કામગીરી નિર્ધારિત સમયમાં પૂર્ણ થઈ શકી નથી. આ જટિલ કામગીરીમાં સુરક્ષા અને ટેકનિકલ પાસાઓને ધ્યાને રાખીને SITCO ના સીઈઓ (CEO) દ્વારા બ્લોકની મુદત 30 મે સુધી લંબાવવા વિનંતી કરવામાં આવી હતી, જેને રેલવે પ્રશાસને મંજૂરી આપી છે. ટ્રેનોના આ ફેરફારને કારણે રેલવે સંચાલનમાં કોઈ અડચણ ન આવે તે માટે વિશેષ સૂચનાઓ જારી કરવામાં આવી છે. ટ્રેન નંબર 12935નો ખાલી રેક બ્લોક પૂર્ણ થયા બાદ સુરત લાવવામાં આવશે, જેથી ટ્રેન નંબર 12936 (સુરત-બાંદ્રા) તેનું નિર્ધારિત સંચાલન સુરતથી જ કરી શકે. આ માટે ઉધના ખાતે વધારાના ક્રૂ મેમ્બર્સની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત, ટ્રેન નંબર 69109(સુરત-વડોદરા) ના ક્રૂ મેમ્બર્સ નિર્ધારિત સમય કરતાં 2 કલાક વહેલા એટલે કે 13:00 વાગ્યે સાઈન-ઓન કરી ટ્રેન 19016 મારફતે ઉધના પહોંચશે અને ત્યાંથી ખાલી ટ્રેન સુરત લાવવાની જવાબદારી સંભાળશે. આ ફેરફારો અંગે મુસાફરોને અગાઉથી જાણકારી મળે તે માટે રેલવે સ્ટેશનો પર જાહેરાત કરવા અને કંટ્રોલ મેસેજ પાઠવવા માટે ઉચ્ચ અધિકારીઓને સૂચના આપી દેવામાં આવી છે.

### ટ્રેનોના સંચાલનમાં ફેરફારની વિગતો: નવા આદેશ મુજબ, મુખ્યત્વે ત્રણ ટ્રેન ઉધના સ્ટેશનથી ટર્મિનેટ

1/ ટ્રેન નં. 12935(બાંદ્રા ટર્મિનસ - સુરત): આ ટ્રેન 16 મે થી 30 મે સુધી દરરોજ સુરતને બદલે ઉધના સ્ટેશન પર શોર્ટ-ટર્મિનેટ થશે. એટલે કે ઉધના અને સુરત વચ્ચે આ ટ્રેન રદ રહેશે.

2/ટ્રેન નં. 20925 (સુરત - અમરાવતી): રવિવાર, ગુરુવાર અને શુક્રવારે ચાલતી આ ટ્રેન 17 મે થી 29 મે દરમિયાન સુરતને બદલે ઉધના સ્ટેશનથી ઉપડશે. સુરત અને ઉધના વચ્ચે આ ટ્રેન રદ ગણાશે.

3/ટ્રેન નં. 20926 (અમરાવતી - સુરત): 16 મે થી 30 મે સુધી આ ટ્રેન સોમવાર, શુક્રવાર અને શનિવારે ઉધના ખાતે જ પ્રવાસ પૂર્ણ કરશે. ઉધનાથી સુરત સુધી ટ્રેન દોડશે નહી.

# રૂ.10.47 લાખનો ઈલે. સામાન લઈ ત્રણ ફરાર

**ખટોદરાની** કંપની સાથેની ઠગાઈમાં કોન્ટ્રાક્ટર, બે ડિરેક્ટર વિરુદ્ધ ગુનો દાખલ

સુરતઃ ખટોદરા વિસ્તારમાં આવેલી એક પ્રતિષ્ઠિત ઈલેક્ટ્રિકલ સામાનની કંપનીને નિશાન બનાવી ત્રણ ઠગબાજે રૂ.૧૦.૪૭ લાખનો ચૂનો લગાવ્યો હોવાની ઘટના સામે આવી છે.

ખટોદરાની સોમા કાનજીની વાડીમાં આવેલી 'તિરૂપતિ સેલ્સ કોર્પોરેશન'માં ફરજ બજાવતા હિમાંશુ શંકરભાઈ પરમારે આ મામલે ફરિયાદ નોંધાવી છે. તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપી વિનય ઉર્ફે વિનોદભાઈ પટેલે પોતાની ઓળખ એક મોટા ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટર તરીકે આપી હતી. ગત તા. ૧૨ સપ્ટેમ્બર ૨૦૨૫ થી ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ દરમિયાન, વિનય પટેલે 'દિહોરા એક્સપર્ટ પ્રા.લી.' નામની કંપનીના નામે અલગ-અલગ ઈલેક્ટ્રિકલ સાધનોનો ઓર્ડર આપ્યો હતો. આ કંપનીમાં અશોકભાઈ મોનાભાઈ દિહોરા અને મયુર ભીમરાવ જાદવ ડાયરેક્ટર તરીકે કાર્યરત હોવાનું જણાવાયું હતું. આરોપીઓએ કુલ રૂ.૧૦,૪૭,૩૭૭નો માલ ઉધાર લીધો હતો. ઉધાર માલ લીધા બાદ જ્યારે ૩૦ દિવસની મુદત પૂરી થઈ, ત્યારે કંપની દ્વારા પેમેન્ટની ઉઘરાણી કરવામાં આવી હતી. જોકે, આરોપીઓએ વાયદાઓ પર વાયદા કરી છેવટે હાથ ઊંચા કરી દીધા હતા. ઠગાઈનો અહેસાસ થતાં હિમાંશુ પરમારે ખટોદરા પોલીસ મથકમાં વિનય પટેલ, અશોક દિહોરા અને મયુર જાદવ વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ ત્રણેય ઈસમ વિરુદ્ધ ગુનો નોંધી તેમની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા છે.

# સાઢુભાઈના દીકરાએ જમીન વેચવાના બહાને 42 લાખ પડાવ્યા

**ધંધામાં** મદદ અને દેવું ચૂકવવાના નામે ટુકડે-ટુકડે લાખો રૂપિયા પડાવ્યા બાદ જમીન વેચવામાં ગલ્લાંતલ્લાં કર્યા

સુરત : ડિંડોલીમાં રહેતા અને મજુરાગેટની મેડિકલ સ્ટોરમાં પરચેઝ મેનેજર તરીકે નોકરી કરતા યુવક સાથે તેમના જ સંબંધીઓએ ધંધામાં મદદ માટે, દેવું ચૂકવવા અને જમીન વેચાણના બહાને કુલ 42.08 લાખની છેતરપિંડી આચરી હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.

મૂળ ભરૂચના અને હાલ ડિંડોલી, રોયલ પેલેસમાં રહેતા રજનીકાંત સુદામરાવ બલસાને (ઉ.વ. 40) મજુરાગેટની મેડિકલ સ્ટોરમાં પરચેઝ મેનેજર તરીકે નોકરી કરે છે. રજનીકાંતે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેમના સાઢુભાઈનો દીકરો જીતેન્દ્ર પંડિત વાઘ (રહે. નવસારી) વર્ષ 2020માં તેમના ઘરે આવ્યો હતો. જીતેન્દ્રએ 'હરિઓમ બેન્ડ' નામના ધંધાના સેટઅપ અને જૂનું દેવું ચૂકવવા માટે 10 લાખની માંગણી કરી હતી. પારિવારિક સંબંધોને કારણે રજનીકાંતભાઈએ શરૂઆતમાં 3.50 લાખની મદદ કરી હતી. તેમણે વિશ્વાસ આપ્યો હતો કે મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના આઈના આરડે ગામમાં આવેલી તેમની વડીલોપાર્જિત જમીન વેચીને તેઓ તમામ નાણાં પરત કરી દેશે. આ વાતોમાં આવી જઈને રજનીકાંતે વર્ષ 2020 થી 2025 દરમિયાન કુલ 27.63 લાખ આપ્યા હતા. આરોપીઓએ જમીન દસ્તાવેજમાં સહી કરવાના બહાને તેમના પત્નીઓ અને બનેવી સુનિલ ચિંતામણ સાઠેના ખાતામાં પણ લાખો રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. બનેવી સુનિલ સાઠેએ જમીનમાં તેની પત્ની (જીતેન્દ્રની બહેન) ની સહી કરાવવા માટે 5.55 લાખ પડાવ્યા હતા, પરંતુ દસ્તાવેજ વખતે હાજર ન રહી વધુ નાણાંની માંગણી કરતો હતો. આરોપીઓએ ધંધા અને જમીનના બહાને કુલ 34.89 લાખ મેળવ્યા હતા.

જમીન વેચાણની પ્રક્રિયા માટે રજનીકાંતને નંદુરબારના વારંવાર ફેરા કરાવી અન્ય 7.18 લાખનો ખર્ચ કરાવ્યો હતો. રજનીકાંતભાઈએ પોલીસ કમિશનર કચેરીમાં અરજી આપી હતી, જેની મંજૂરી મળતા ડિંડોલી પોલીસે જીતેન્દ્ર પંડિત વાઘ, પ્રવિણ પંડિત વાઘ (બંને રહે. અલ્ફી નગર, નવસારી) અને સુનિલ ચિંતામણ સાઠે (રહે. તલોદા કાલિકા માતાના મંદિર પાસે, નંદુરબાર) વિરૂદ્ધ ઠગાઈનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

# ઉધનામાં બ્લોકને કારણે નવસારીથી 500 મુસાફરને બસમાં સુરત લવાયા

**મુંબઈથી** આવતી ટ્રેનો નવસારી સ્ટેશને ટુંકાવી દેવાતાં એસટી બસો વહારે આવી



સુરત : ઉધના રેલવે સ્ટેશન પર ચાલી રહેલી બ્લોકની કામગીરીને કારણે મુંબઈથી આવતી ટ્રેનો નવસારી સ્ટેશને ટૂંકાવી દેવાતા અટવાયેલા આશરે 500 જેટલા મુસાફરોને 8 જેટલી એસ.ટી. બસો દ્વારા સુરત પહોંચાડી મોટી રાહત આપવામાં આવી હતી.

બ્લોકને કારણે બુધવારે મુંબઈ-સુરત રૂટ પરની અનેક મહત્ત્વની ટ્રેનોને અસર થઈ હતી. જેમાં ઇન્ટરસિટી, મેમુ અને પેસેન્જર ટ્રેનોનો સમાવેશ થાય છે. રેલવે તંત્ર દ્વારા સુરક્ષા અને મેઈન્ટેનન્સના હેતુથી અનેક ટ્રેનોને નવસારી સ્ટેશન સુધી જ દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. નવસારીથી ઉધના અને સુરત વચ્ચેનો ટ્રેન વ્યવહાર રદ રહેતા સેંકડો મુસાફરો મધરાતે કે વહેલી સવારે અધવચ્ચે અટવાઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ હતી. મુસાફરોની હાલાકીને પારખી ગયેલા રેલવે અધિકારીઓએ તુરંત જ GSRTC ના ઉચ્ચ અધિકારીઓ સાથે સંપર્ક સાંધી મુસાફરોને સુરત સુધી પહોંચાડવા માટે તાત્કાલિક ધોરણે વધારાની બસોની માંગ કરવામાં આવી હતી. એસ.ટી. નિગમે નવસારી પશ્ચિમ સર્ક્યુલેટિંગ એરિયામાં કુલ 8 જેટલી બસો તૈનાત કરી દીધી હતી. ઉધના બ્લોક જેવી કપરી પરિસ્થિતિમાં પણ રેલવે અને GSRTC એ મુસાફરોનું સુવિધા જાળવી રાખી હતી.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### 'નો સ્ટોક'...

નિવેદન બાદ બીજા જ દિવસથી દક્ષિણ ગુજરાતમાં પેટ્રોલ સપ્લાયની ચેન ખોરવાઈ છે. કેટલાક પેટ્રોલ પંપ કામ ચલાવ બંધ થઈ ગયા હતાં. જેને લઈ અન્ય પેટ્રોલ પંપ પર વાહનચાલકોની લાંબી લાઈનો લાગી ગઈ હતી.

સુરત શહેર-જિલ્લાના અંદાજે 50 ટકા જેટલા પેટ્રોલ પંપ પર સાંજ પડતા પહેલાં જ પેટ્રોલનો સ્ટોક પૂર્ણ થઈ જતાં અનેક પંપો બંધ કરવાની ફરજ પડી હતી. શહેરના જહાંગીરપુરા, રાંદેર, અડાજણ પાટિયા સહિતના વિસ્તારોમાં અનેક પેટ્રોલ પંપ પર બપોર બાદ જ સ્ટોક પૂર્ણ થઈ જતાં વાહનચાલકો ચોકબજાર કિલ્લા મેદાન નજીક આવેલા પેટ્રોલ પંપો તરફ દોડી આવ્યા હતા. ત્યાં મોટી સંખ્યામાં વાહનો ઊમટી પડતાં ટ્રાફિકની સમસ્યા પણ સર્જાઈ હતી. બીજી તરફ દક્ષિણ ગુજરાતના નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, વલસાડ, નવસારી સહિતના જિલ્લાના પેટ્રોલપંપો પર વાહનોની લાંબી કતારો જોવા મળી હતી. સુરત જિલ્લાના બારડોલી, માંડવી વિસ્તારમાં પેટ્રોલ પંપો પર લાંબી લાઈનો લાગી હતી. બારડોલી શહેર અને ગ્રામ્ય વિસ્તારના અનેક પેટ્રોલ પંપો પર 'નો સ્ટોક'નાં બોર્ડ જોવા મળી રહ્યાં છે. તરસાડી-કોસંબા પંથકમાં વાહન ચાલકોને પેટ્રોલ ડીઝલ નહીં મળતાં નેશનલ હાઈવે તેમજ અન્ય વિસ્તાર સુધી પેટ્રોલ ડીઝલ પુરાવા માટે લાંબા થવું પડ્યું હતું. જ્યારે કેટલાક પેટ્રોલ પંપ ઉપર 'પેટ્રોલ અને ડીઝલ નથી'ના પાટિયાં પણ લાગી ગયાં હતાં.

વલસાડ જિલ્લાના વલસાડ, પારડી, અને ધરમપુરમાં કેટલાય પેટ્રોલ પંપ પર બુધવારે પેટ્રોલ ડિઝલના ટેન્કરો આવ્યા ન હતાં. દમણની સહેલગાહે આવતા પર્યટકો અને દમણ બોર્ડરથી જોડાયેલા ગામડાઓના લોકો પોતાના વાહનોમાં ટાંકી ફૂલ કરાવવા અર્થે પેટ્રોલ પંપ પર જોવા મળ્યા હતાં. જે પૈકી નાની દમણના સાગર પેટ્રોલ પંપ પર પેટ્રોલ ડીઝલ ભરાવવા વાહનોનો મોટો ધસારો જોવા મળ્યો હતો.

નવસારી જિલ્લાના ખેરગામ, ચીખલી તાલુકામાં ૫૦-ટકાથી વધુ પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ-ડીઝલની અછત વર્તાઈ રહી છે. તાલુકાના મોટેભાગના પેટ્રોલ પંપ ઉપર ડીઝલ નથી ના બોર્ડ લાગ્યા છે. ભરૂચના હાંસોટમાં પેટ્રોલ પંપ પર વહેલી સવારથી જ ખેડૂતો ડબ્બા અને કેન લઈને લાંબી લાઈનોમાં ઊભા રહ્યા છે. કેટલાક સ્થળોએ બૂમાબૂમ અને ધક્કામુક્કીની ઘટનાઓ બની હતી. ડીઝલ માટે લાગેલી લાંબી લાઈનો અને વધતા આક્રોશને કારણે સ્થિતિ વણસી જતાં પંપ સંચાલકોએ પોલીસને જાણ કરતા પોલીસ દોડી આવી હતી.

### પંપો ઉપર...

ઉપર પણ પેટ્રોલ નથીનું જણાવવામાં આવી રહ્યું છે. વલસાડના કલ્યાણ બાગ નજીકના પેટ્રોલ પંપ અને રેલવે જીમખાના નજીકના પેટ્રોલ પંપો ઉપર બાઇકમાં માત્ર રૂપિયા 200નું અને ફોર વ્હીલરમાં રૂપિયા 1000 નું જ પેટ્રોલ આપવામાં આવી રહ્યું છે. આ અંગે બંને પેટ્રોલ પંપો ઉપર 'ગુજરાતમિત્ર'એ પહોંચી તપાસ કરતાં કર્મચારીઓએ જણાવ્યું કે, ઉપરથી પેટ્રોલ જથ્થો ઓછો આવતા માલિકના આદેશથી આજથી ઉપરોક્ત અમલ શરૂ કરાયો છે તેમ જણાવ્યું હતું. જ્યારે ખેરગામના દશેરા ટેકરી, આછવણી તેમજ ચીખલી રોડ પરના કેટલાક પેટ્રોલ પંપો પર આ જ રીતે પેટ્રોલ આપવામાં આવી રહ્યું હતું. વલસાડ શહેરના બે પેટ્રોલ પંપો ઉપર નિયત રકમનું જ પેટ્રોલ આપવામાં આવતું હોવા અંગે ગુજરાતમિત્ર સાથેની વાતચીતમાં જિલ્લા પુરવઠા અધિકારી ડી.એસ.બારિયાએ જણાવ્યું કે, કચેરી દ્વારા આ પ્રકારનો આદેશ નથી, જોકે તેમણે આ મુદ્દો ગંભીર હોય પેટ્રોલ ડીઝલ કંપનીઓ અને વલસાડના ડીલરો પાસે વિગતો મેળવશે. ગ્રાહકોને કોઈ અન્યાય નહીં થાય તેમ પણ તેમણે જણાવ્યું હતું.

### આગામી 3-4...

સસ્તું ઈંધણ મેળવવા સરકારી કંપનીઓના પંપો તરફ વધુ વળી રહ્યા છે. પરિણામે સરકારી પંપો પર અસામાન્ય રીતે માંગ વધી ગઈ છે અને સાંજ સુધીમાં સ્ટોક પૂર્ણ થઈ જાય છે. બેઠક દરમિયાન કેટલાંક મહત્ત્વપૂર્ણ સૂચનો પણ આપવામાં આવ્યાં હતાં. પેટ્રોલ પંપોને ડાયરેક્ટ ગ્રાહકોને જ ઈંધણ આપવા, કેરબા અથવા ક્રેન જેવા ડબ્બાઓમાં પેટ્રોલ નહીં આપવા અને સીધું વાહનમાં જ ઈંધણ ભરવાની સૂચના આપવામાં આવી હતી, જેથી અનાવશ્યક સ્ટોકિંગ અટકાવી શકાય. સ્ટેક હોલ્ડરોની રજૂઆતો બાદ જિલ્લા પુરવઠા અધિકારીએ માહિતી આપી હતી કે હાલ ઊભી થયેલી સમસ્યાના નિરાકરણ માટે પેટ્રોલિયમ કંપનીઓ સાથે ચર્ચા ચાલી રહી છે અને આગામી ત્રણથી ચાર દિવસમાં પુરવઠાની સ્થિતિ સામાન્ય બનશે તેવી ખાતરી મળી છે.

### નિઝરમાં પેટ્રોલ...

સ્થાનિક લોકોના આક્ષેપ મુજબ, મહારાષ્ટ્રમાંથી કેટલાક લોકો ડબ્બા ભરીને મોટા પ્રમાણમાં પેટ્રોલ અને ડીઝલ લઈ જઈ વેપાર કરતા હોવાને કારણે સ્થાનિક સ્તરે અછત સર્જાઈ રહી છે. ખેડૂતોનો આક્ષેપ છે કે કેટલાક પેટ્રોલ પંપ પર ઈંધણ આપવા પહેલાં 7/12ના ઉતારા સહિતના પુરાવા માંગવામાં આવે છે, છતાં પૂરતું ઈંધણ મળતું નથી. જ્યારે મહારાષ્ટ્ર તરફથી આવેલા લોકોને 100 લીટર સુધી ઈંધણ આપવામાં આવતું હોવાના આક્ષેપો પણ ઉઠી રહ્યા છે.

### CBSEમાં ધો...

વધુ એકવાર ઉજાગર કરી છે. સાયન્સમાં પીપી સવાણી ગ્રુપની વંશિતા મોહાતા 97.4 ટકા સાથે પ્રથમ હોવાનો દાવો કરાયો છે. જ્યારે જીડી ગોએન્કા સ્કૂલનો સોહમ બોરાડે 97.2 ટકા સાથે દ્વિતીય ક્રમે અને કોમર્સમાં વેસુના એસડી જૈન સ્કૂલની વિદ્યાર્થિની આસ્થા દારૂકા 99 ટકા સાથે પ્રથમ હોવાનો દાવો કરાયો છે. સાયન્સ તેમજ કોમર્સ-હ્યુમેનિટીઝ બંને પ્રવાહોમાં વિદ્યાર્થીઓએ ઉત્તમ પરિણામ મેળવી પરિવાર, શાળા અને શહેરનું નામ રોશન કર્યું છે.

સાયન્સ પ્રવાહમાં સુરતનું કુલ સરેરાશ પરિણામ 98 ટકા નોંધાયું છે. કુલ 2626 વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા, જેમાંથી 2573 વિદ્યાર્થીઓ સફળ જાહેર થયા છે. વિદ્યાર્થીઓએ ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત અને બાયોલોજી જેવા વિષયોમાં ઉત્તમ ગુણ મેળવી પોતાની મહેનતનો પરિચય આપ્યો છે. રીજનની 499 શાળાઓમાંથી સાયન્સ, કોમર્સ અને આર્ટ્સ પ્રવાહના કુલ 36,062 વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જેમાંથી 35,839 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને 32,561 વિદ્યાર્થીઓ સફળ જાહેર થયા હતા. તેમાં 18,157 વિદ્યાર્થીઓ અને 14,404 વિદ્યાર્થીનીઓનો સમાવેશ થાય છે. કુલ પરિણામ 90.60 ટકા નોંધાયું હતું. વિદ્યાર્થીનીઓનું પરિણામ 92 ટકા જ્યારે વિદ્યાર્થીઓનું પરિણામ 89 ટકા રહ્યું હતું. સુરતની અનેક શાળાઓએ 100 ટકા પરિણામ મેળવ્યું હતું, જ્યારે ઘણા વિદ્યાર્થીઓએ 90 ટકાથી વધુ ગુણ મેળવી શહેરનું નામ રોશન કર્યું હતું.

### આર્ટ્સના ટોપર વિદ્યાર્થી

| આર્ટ્સ ટોપર | (માર્ક્સ) | સ્કૂલનું નામ |
|---|---|---|
| ગુપ્તા અંશિકા | 98.40% | શ્રી ગુરુકૃપા વિદ્યાસંકુલ |
| અનુષ્કા ગુપ્તા | 97.60% | અગ્રવાલ વિદ્યા વિહાર |
| ગ્રેસ સિંઘ | 96.80% | DPS (દિલ્હી પબ્લિક સ્કૂલ) સુરત |
| ધ્રુવી વસરા | 96.20% | જી. ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ |
| ઝુબેદા જાનુહસન | 96.00% | એસ. ડી. જૈન મોર્ડન સ્કૂલ |

### સુરતની શિક્ષણક્ષેત્રે મજબૂત ઓળખ વધુ મજબૂત

CBSE બોર્ડના પરિણામોમાં દર વર્ષે સુરતના વિદ્યાર્થીઓ નોંધપાત્ર સફળતા મેળવી રહ્યા છે. આ વર્ષે પણ વિદ્યાર્થીઓએ પોતાની પ્રતિભા અને સતત પરિશ્રમ દ્વારા શહેરની શૈક્ષણિક પ્રતિષ્ઠાને નવી ઊંચાઈ આપી છે. સુરત શહેર હવે માત્ર ઉદ્યોગ અને વેપાર પૂરતું નહીં, પરંતુ ગુણવત્તાસભર શિક્ષણ માટે પણ રાજ્યભરમાં આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે.

### શાળાઓમાં ઉજવણીનો માહોલ

પરિણામ જાહેર થતાં જ અનેક શાળાઓમાં વિદ્યાર્થીઓ અને વાલીઓએ મીઠાઈ વહેંચી ખુશી વ્યક્ત કરી હતી. ઘણા વિદ્યાર્થીઓએ 90 ટકાથી વધુ ગુણ મેળવી શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હોવાનું જાણવા મળ્યું છે. શાળાના સંચાલકો અને શિક્ષકોએ પણ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી તેમની મહેનતની પ્રશંસા કરી હતી.

### નિરમા ગ્રુપના...

ગયા હતા. થોડી જ ક્ષણોમાં ખબર પડી કે હેલિકોપ્ટરમાં ગંભીર ટેક્નિકલ ખામી સર્જાઈ છે અને પાયલોટ તેને બચાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. જોકે, પાયલોટની અદભૂત સૂઝબૂઝ, ધીરજ અને કુશળતાના કારણે મોટી દુર્ઘટના ટળી ગઈ હતી અને હેલિકોપ્ટરમાં સવાર પાંચેય લોકોનો ચમત્કારિક બચાવ થયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ, નિરમા ગ્રુપના એમડી હિરેન પટેલ અમદાવાદથી સુરત અને ત્યારબાદ મુંબઈ જવા માટે હેલિકોપ્ટરમાં મુસાફરી કરી રહ્યા હતા. તેમની સાથે ધ્રુવિલ પટેલ, દેવ પટેલ સહિત અન્ય સભ્યો પણ હાજર હતા. મુસાફરી દરમિયાન અચાનક હેલિકોપ્ટરમાં યાંત્રિક ખામી સર્જાતા પરિસ્થિતિ ગંભીર બની ગઈ હતી. હવામાં ખામી સર્જાતા પાયલોટે તરત જ ઈમરજન્સી પ્રોટોકોલ મુજબ કાર્યવાહી શરૂ કરી હતી.

હેલિકોપ્ટરનું સંચાલન કરી રહેલા કેપ્ટન કરણસિંહ દહિયા અને કુલદીપ મહેતાએ અસાધારણ ધીરજ દાખવી હતી. તેમણે રહેણાંક વિસ્તાર કે ટ્રાફિકવાળા માર્ગો ટાળીને મગોબ ભાઠા ગામ નજીકનું ખુલ્લું ખેતર પસંદ કર્યું હતું. અત્યંત જોખમી સ્થિતિ વચ્ચે હેલિકોપ્ટરને સલામત રીતે જમીન પર ઉતારવામાં આવ્યું હતું. જાણવામાં આવ્યું છે કે હેલિકોપ્ટર ONGCના વાલ્વથી અંદાજે 500 મીટર દૂર ઉતારવામાં આવ્યું હતું. જો હેલિકોપ્ટર થોડું પણ નિયંત્રણ ગુમાવત તો મોટી જાનહાનિ સર્જાઈ શકતી હતી.

હેલિકોપ્ટર ખેતરમાં ઉતરતાં જ આસપાસના ગ્રામજનો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે ઉમટી પડ્યા હતા. લોકોમાં ભય સાથે ભારે કુતૂહલ પણ જોવા મળ્યું હતું. ઘણા લોકોએ પોતાના મોબાઈલમાં ઘટનાના વીડિયો કેદ કર્યા હતા. ઘટનાની જાણ થતાં પોલીસ, વહીવટી તંત્ર અને ટેકનિકલ નિષ્ણાતોની ટીમ પણ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી.

### 72 IASની...

જાહેર કરાયેલા આદેશ અનુસાર કુલ 72 IAS અધિકારીની બદલી તથા નવી નિમણૂકો કરવામાં આવી છે. રાજ્ય સરકારના આ વ્યાપક ફેરફાર બાદ અનેક જિલ્લાઓમાં નવા કલેક્ટર, મ્યુનિસિપલ કમિશનર તેમજ વિવિધ સરકારી નિગમો અને સંસ્થાઓમાં નવા અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે. આગામી દિવસોમાં પણ વહીવટી તંત્રમાં વધુ ફેરફારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ભરુચ કલેક્ટર ગૌરાંગ મકવાણાને GEDAના ડિરેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. નર્મદા-રાજપીપળાના કલેક્ટર સંજય મોદીને GSTDREISના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. નવસારી કલેક્ટર ક્ષિપ્રા અગ્રેને MSME કમિશનર બનાવવામાં આવ્યા છે, જ્યારે દાહોદ કલેક્ટર યોગેશ નિરગુડેને એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર તરીકે નિમણૂક આપવામાં આવી છે. વલસાડ કલેક્ટર ભવ્ય વર્માને અમદાવાદના નવા કલેક્ટર બનાવવામાં આવ્યા છે. દેવ ચૌધરી તાપી-વ્યારા કલેક્ટર બન્યા છે અને ડો. નવનાથ ગવહાણેને ભરૂચ કલેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. જયેશ ઉપાધ્યાયને નવસારી મ્યુનિસિપલ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. એન.એફ. ચૌધરીને વાપી મ્યુનિસિપલ કમિશનર બનાવવામાં આવ્યા છે.

### કોની બદલીઓ...

MSME કમિશનર

10. યોગેશ નિરગુડે- દાહોદથી એડિશનલ ડેવલપમેન્ટ કમિશનર
11. અમિત પ્રકાશ યાદવ- ખેડાથી એડિશનલ કમિશનર ઓફ ઇન્ડસ્ટ્રીઝ
12. એન.વી. ઉપાધ્યાય- ગીર-સોમનાથથી ખેડા કલેક્ટર
13. પ્રભવ જોષી- ટુરિઝમ કોર્પોરેશનથી જૂનાગઢ મ્યુનિસિપલ કમિશનર
14. પ્રશસ્તિ પરીખ- અરવલ્લીથી ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની MD
15. ડો. જીન્સી રોય- બોટાદથી ગુજરાત ઇન્ફોર્મેટિક્સ MD
16. અનિલકુમાર રણવાસિયા- જૂનાગઢથી કચ્છ કલેક્ટર
17. મયુર મહેતા- સિવિલ સપ્લાયથી વાવ-થરાદ કલેક્ટર
18. જિતેન્દ્ર વાઘેલા- ગાંધીનગરથી ગીર-સોમનાથ કલેક્ટર
19. જે.એસ. પ્રજાપતિ- વાવ-થરાદથી ગાંધીનગર મ્યુનિસિપલ કમિશનર
20. એચ.એમ. વોરા- સાબરકાંઠાથી બોટાદ કલેક્ટર

### ક્યાં નવા કલેક્ટર...

- સુરભી ગૌતમ - દાહોદ
- ડો. પ્રશાંત જીલોવા - પાટણ
- મિલિન્ડ બાપના - અરવલ્લી
- એન.ડી. પરમાર - ડાંગ-આહવા

### એક જ...

૩૪.૩ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી જતાં લોકોમાં રાહતની લાગણી ફેલાઈ હતી. જ્યારે લઘુત્તમ તાપમાનમાં સામાન્ય વધારો નોંધાયો હતો અને તે ૨૮.૬ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું.

હવામાન વિભાગના આંકડા મુજબ આજે શહેરમાં ૭૨ ટકા ભેજ નોંધાઈ હતી અને ૧૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ-પશ્ચિમ દિશાનો પવન ફૂંકાયો હતો. પવનની ગતિ વધતા અને વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઊંચું રહેતા ગરમીનો પ્રકોપ ઘણો ઓછો અનુભવાયો હતો. ઉલ્લેખનીય છે કે સુરતમાં છેલ્લા બે દિવસથી મહત્તમ તાપમાન સતત ૪૨.૨ ડિગ્રી આસપાસ જળવાઈ રહ્યું હતું. આકરા તાપમાનને કારણે બપોરના સમયે રસ્તાઓ પર લોકોની અવરજવર ઘટી ગઈ હતી અને ગરમીથી બચવા લોકો ઘરોમાં જ રહેવાનું પસંદ કરી રહ્યા હતા. પરંતુ આજે અચાનક વાતાવરણમાં બદલાવ આવતા અને પવનોની ગતિ તેજ બનતા તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો, જેના કારણે શહેરજનોને આકરા ઉકળાટમાંથી થોડી રાહત મળી હતી.

### NEET રદ્દ...

હવે પાણી ફરી વળ્યું છે. શહેરના આવા જ ત્રણ પરિવારોની આપવીતી શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ સામે લાચારી વ્યક્ત કરે છે.

### વિદેશમાં MBBS...

સપ્ટેમ્બરના બેચમાં જ્યોર્જિયા નહીં જઈ શકે તો તેનું આખું વર્ષ બગડશે, જેના કારણે આખો પરિવાર ચિંતામાં ડૂબી ગયો છે.

### બારડોલીના તબીબ...

આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું કે, પરીક્ષા રદ્દ થવાને કારણે બાળકો માનસિક રીતે ભાંગી પડ્યા છે. એટલું જ નહીં, પરીક્ષા પૂરી થવાના આનંદમાં તેમના પરિવારે અમેરિકા વેકેશન મનાવવા જવાનું આયોજન કર્યું હતું, જે હવે આ અનિશ્ચિતતાના કારણે કેન્સલ કરવું પડ્યું છે.

### પરીક્ષાના કારણે...

કરવામાં આવી હતી. ૩ મેના રોજ પરીક્ષા પૂરી થતાં જ આખો પરિવાર લગ્નની ધામધૂમથી તૈયારીમાં જોતરાઈ ગયો હતો. પરંતુ હવે પરીક્ષા રદ્દ થતાં પરિવાર પર મુશ્કેલીનો પહાડ તૂટી પડ્યો છે. લગ્નની તારીખ લંબાવવી કે પ્રસંગ સાદાઈથી પતાવી દેવો તે અંગે પરિવાર ભારે મૂંઝવણમાં છે. સૂઝૈન પોતે ફરીથી વાંચવામાં લાગી ગઈ હોવાથી તે પોતાના જ કઝિનના લગ્નમાં હાજરી આપી શકશે નહીં તેવો વસવસો છે.

### બે વર્ષની મહેનત પાણીમાં જતા મારા દીકરાનું મનોબળ ભાંગી પડ્યું



નિસરીનના દીકરાએ બે વર્ષ સખ્ત મહેનત કરીને નીટની પરીક્ષા આપી હતી. નિસરીને કહ્યું કે, બે વર્ષ પરિવારે દીકરા સાથે સખ્ત મહેનત કરી હતી પરંતુ તે બધું પાણીમાં ગયું. આ ખૂબ જ નિરાશાજનક છે. મારા દીકરાનું મનોબળ ભાંગી પડ્યું છે. પેપર લીક એ સરકારની નિષ્ફળતા છે.

### બે વર્ષની મહેનત માથે પડી, ઘરમાં ટેન્શનનો માહોલ છવાયો



દિશા સોલંકીના પરિવારે તેની પાછળ સતત બે વર્ષ સુધી રાત-દિવસ મહેનત કરી હતી. પરીક્ષા પૂરી થતાં જ પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો અને રિફ્રેશ થવા માટે બહાર ફરવા જવાનું આયોજન કરીને ટિકિટો પણ બુક કરાવી લીધી હતી. દિશાના ભાઈ હર્ષના જણાવ્યા મુજબ, પરીક્ષા રદ્દ થવા છતાં નવી તારીખો હજુ જાહેર થઈ નથી. આ અનિશ્ચિતતાને કારણે પ્રવાસના તમામ પ્લાન કેન્સલ કરવા પડ્યા છે અને ઘરમાં ખુશીના બદલે ફરી ટેન્શનનો માહોલ છવાઈ ગયો છે.

**પશ્ચિમ રેલવે**

**સિગ્નલ અને ટેલિકોમ કામગીરી**

ડિવિઝનલ રેલવે મેનેજર (S&T), વેસ્ટર્ન રેલવે, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ દ્વારા ટેન્ડર નં: SG_216_2_156_WA_PH31 આમંત્રિત કરવામાં આવે છે. કામનું નામ: મુંબઈ ડિવિઝનના વિરાર-સુરત સેક્શનમાં (1) વિરાર-સુરત-TTR (TWS+WCMS) 87 નંગ અને TSEJ 56 નંગ (2) જોરાવાસણ-સુરત (DN)-TRR (P)-8.702 Tkm (3) વિરાર-જોરાવાસણ-CTR (P)-0.632 Tkm, TRR (P)-4.146 Tkm અને TSR (P)- 3.404 Tkmના સંબંધમાં સિગ્નલ અને ટેલિકોમ કામગીરી.કામની અંદાજિત કિંમત: રૂ. 1,23,64,624.35/- EMD (બાનાની રકમ): રૂ. 2,47,300/- ટેન્ડર સબમિટ કરવાની તારીખ અને સમય: 01/06/2026ના રોજ 15.00 કલાક સુધી. ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: 01/06/2026ના રોજ 15.30 કલાકે.

વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0089

અમને લાઈક કરો: facebook.com/WesternRly

**આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ**

IDFC FIRST Bank

(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

CIN : L65110TN2014PLC097792

રજીસ્ટર્ડ ઓફિસ : કેઆરએમ ટાવર, આઠમો માળ, હેરીંગટન રોડ, ચેટપેટ, ચેન્નઈ-૬૦૦૦૩૧ ટેલી : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૦૦ ફેક્ષ : +૯૧ ૪૪ ૪૫૬૪ ૪૦૨૨

**સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ**

આથી નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** પાસેથી સુરક્ષિત લોન મેળવેલ હતી. લોન માટે નીચે દર્શાવેલ દેવાદાર અને સહદેવાદારોએ તેમની જે તે મીલકત મોર્ગેજ કરેલ હતી. તેઓ દ્વારા જે તે લોન કરાર મુજબના કરારો-શરતો અને નિયમનું પાલન કરવામાં કસુર થયેલ છે અને અનિયમિતતા દર્શાવેલ છે. તેથી લોન આરબીઆઈના નિર્દેશ મુજબ એનપીએ થયેલ છે. **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** એ તેમની પાસે બાકી લેણી રકમ અંગે નોટીસ આપી નીચે દર્શાવેલ કોષ્ટકમાં નિર્દેશ કરેલ વિગત મુજબ બાકી રકમ ઉપર લાગુ વ્યાજ અને તેજ રીતે કરાર મુજબનું વ્યાજ જે તે તારીખથી ચાર્જ કરશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨૫૯૯૯૬૭૮ | હોમ લોન | ૧. દલસુખભાઈ અબાંભાઈ લુખી<br>૨. અલ્પેશભાઈ અબાંભાઈ લુખી<br>૩. દયાબેન દલસુખભાઈ લુખી | ૩૦.૦૪.૨૦૨૬ | રૂા.૧૬,૯૮,૨૬૯.૮૦ |

**મિલકત નુ સરનામુ :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે સહકાર બંગ્લોઝ નો પ્લોટ નં. ૬૦ ની જગ્યા (મંજુર થયેલ મુજબ પ્લોટ નં.બી-૬૦) માપ ૭૨.૦૦ ચો.વાર એટલે કે ૬૦.૨૮ ચો.મીટર (મંજુર થયેલ પ્લાન મુજબ માપ ૬૦.૨૮ ચો.મીટર) રોડ અને સીઓપી ના વણવહેચાયેલ મિકલત ના હિસ્સા સહિત નુ બાંધકામ જમીન રેવન્યુ સર્વે નં. ૬૮૧ બ્લોક ન. ૫૪૮/ બી સબ પ્લોટ નં. ૨ પૈકી મોજે ગામ કઠોર, સબડિસ્ટ્રીક તાલુકા કામરેજ, જી.સુરત,ગુજરાત -૩૯૪૧૫૦ ખાતે આવેલ છે **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** : જોડેનો પ્લોટ નં. ૬૩,**પશ્ચિમ તરફ** :જોડેનો સોસાયટી નો આંતરીક રસ્તો, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં. ૫૯, **દક્ષિણ તરફ**, : જોડેનો પ્લોટ નં. ૬૧ આવેલ છે.

| અ. નં. | લોન એકાઉન્ટ નંબર | લોનનો પ્રકાર | દેવાદારો / સહદેવાદારોનું નામ | ૧૩(૨) નોટીસની તારીખ | ૧૩(૨)ની નોટીસ મુજબ બાકી રકમ |
|---|---|---|---|---|---|
| ૨. | ૧૭૨૮૮૯૬૩૮ અને ૧૪૮૨૫૪૨૪ | હોમ લોન | ૧. રચના ગુપ્તા<br>૨. સંજય રમેશચંદ્ર ગુપ્તા | ૨૩.૦૪.૨૦૨૬ | રૂા.૯,૯૬,૪૨૩.૮૯ |

**મિલકત નુ સરનામુ :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે સાંઈ પેલેસ રેસીડન્સી ના બિલ્ડીંગ નં.૬ ના પાંચમા માળ નો ફ્લેટ નં. ૬/સી-૫૦૧, માપ આશરે ૫૭૨ ચો.ફુટ (સુપર બિલ્ટઅપ એરીયા) અને આશરે માપ ૩૮.૦૦ ચો.મીટર (બિલ્ટઅપ એરીયા) અને મિલ્કત ના વણ વહેચાયેલ હિસ્સાનુ આશરે માપ ૨૦.૨૦ ચો.મીટર સહિત નુ બાંધકામ જમીન જુના સર્વે નં. ૧૫૧ પૈકી ના ભાગ , રી સર્વે નં. ૧૧૧ ટી.પી સ્કીમ નં. ૧૪૮ ફાઈનલ પ્લોટ નં. ૮ પૈકી, ડિવિઝન ના મંજુર થયેલ પ્લાન મુજબ પ્લોટ નં. ૨ પૈકી સબ પ્લોટ નં. બી-૧ અને બી-૨ મોજે ગામ ભેસ્તાન સબડિસ્ટ્રીક અને તાલુકા સુરત શહેર, જી. સુરત, ગુજરાત-૩૯૫૦૨૩ ખાતે આવેલ છે. **જેની ચતુર્દિશા : પૂર્વ તરફ** : જોડેની બિલ્ડીંગ નં.૭,**પશ્ચિમ તરફ** : જોડેની બિલ્ડીંગ નં.૫, **ઉત્તર તરફ** : જોડેનો ૧૨ મીટર ટી.પી રોડ, **દક્ષિણ તરફ**, : જોડેનો ફાઈનલ પ્લોટ નં. ૮ પૈકી ખુલ્લી જમીન

આથી **તમને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ની ઉપરના ટેબલમાં દર્શાવ્યા મુજબની બાકી રકમ કરાર આધારિત જે તે તારીખથી અન્ય કોસ્ટ ચાર્જીસ સહીત આ નોટીસ છપાયાના ૬૦ દિવસમાં ચુકવી દેવા જણાવવામાં આવે છે. જેમ કરવામાં કસુર થયેથી નીચે સહી કરનાર **આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ. (અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)** ના અધિકૃત અધિકારી સરફેસી એક્ટની ધારા ૧૩(૪) અને ધારા ૧૪ હેઠળ કાર્યવાહી કરી બાકી રકમની વસુલી કરશે. વધુમાં તમને આ કાયદાની ધારા ૧૩(૧૩) હેઠળ સુરક્ષિત મીલકત વેચાણ-ભાડે કે અન્ય રીતે વ્યવહાર ન કરવા પ્રતિબંધિત કરવામાં આવે છે.

સહિ/-
અધિકૃત અધિકારી,
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિ.
(અગાઉ કેપીટલ ફર્સ્ટ લિમીટેડ, આઈડીએફસી બેંક લિમીટેડ સાથે જોડાયેલી અને હાલમાં આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમીટેડ તરીકે જાણીતી)

તારીખ : ૧૪.૦૫.૨૦૨૬
સ્થળ : સુરત, ગુજરાત